# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GIFT CITY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે કેન્દ્રીય અંદાજપત્રમાં જાહેર થયેલી જોગવાઈઓ IFSCની ફાઇનાન્સિયલ ઇકો સિસ્ટમને વધુ સંગીન બનાવશે. ગિફ્ટ સિટીમાં સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાકટ્સનો પ્રારંભ કરાવતા શ્રીપટેલે જણાવ્યું કે ગિફ્ટ સિટી આજે વિશ્વભરમાં ફિનટેકનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ - મુખ્યમંત્રી )

. . . . . . . . . . . .

# KUTCH BUDGET REATION

કેન્દ્રીય અંદાજપત્રને વેપાર ઉદ્યોગ અને આર્થિક જગત સાથે સંકળાયેલા કચ્છના અગ્રણીઓ તરફથી આવકાર મળ્યો છે. કચ્છના આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામની ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ મહેશ પુજે આકાશવાણીને બજેટને પ્રજાલક્ષી ગણાવ્યું હતું..

(બાઈટ - ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ મહેશ પુજ)

. . . . . . . . . . . .

# PANCHMAHAL CIKAL CELL

પંચમહાલ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં સિકલ સેલ એનિમિયાના દર્દીઓ શોધવા માટેની કામગીરી આરંભાઇ હતી. જિલ્લા આરોગ્ય વિભાગે હાથ ધરેલી કામગીરી અંતર્ગત 9 લાખ 48 હજાર 832 લોકોનો સ્ક્રિનિંગ કરી લોહીના નમુના લીધા હતા. જેમાંથી ત્રણ હજાર 365 દર્દીઓ મળ્યા હતા. જયારે સિકલસેલના રોગના 59 હજાર 639 લોકો તેના વાહક મળ્યા હતા. પંચમહાલ જિલ્લા આરોગ્ય અધિકારીએ પણ પંચમહાલ જિલ્લામાં આવા સિકલ સેલના દર્દીઓને ફોલિક એસીડની ગોળી અને પાંચ લીટર કરતાં વધુ પાણી પીવા અંગે સલાહ આપી હતી. રોગીઓને વધુ શ્રમ વાળું કામ ન કરવા જણાવ્યું હતું. યુવક અને યુવતીઓ જો આ રોગના વાહક હોય તો લગ્ન નહીં કરવાની ભલામણ પણ કરી હતી. ફક્ત ટ્રાઈબલ વિસ્તારના દર્દીઓને માસિક બે હજાર પાંચસોની સહાય આપવામાં આવે છે, તેવું તેમણે જણાવ્યું હતું.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# AHM TRAFIK AWARENESS

અમદાવાદના આંબાવાડી ખાતે આવેલી સરકારી પોલિટેક્નિક મહાવિદ્યાલય દ્વારા પાંજરાપોળ ક્રોસ રોડ ખાતે ટ્રાફિક જાગૃતિ અભિયાન યોજાયું. આ અભિયાનમાં કોલેજના સ્કાઉટ્સ, ગાઈડ્સ, રોવર્સ-રેન્જર્સ અને સ્વયંસેવક વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. નાગરિકો માર્ગ સુશાસનને અપનાવે, ટ્રાફિક નિયમન બાબતે સાવચેતી રાખે અને અકસ્માતો અટકાવી શકાય, તે હેતુથી આ ટ્રાફિક જાગૃતિ અભિયાનનો શરૂ કરાયું હતું.

. . . . . . . . . . . .

# BHAVAGAR KHELMAHAKUMBH

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હેઠળના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર ઉપક્રમે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ભાવનગર દ્વારા આ વર્ષે ખેલ-મહાકુંભ ૩.૦નું આયોજન કરવામાં આવેલુ હતું. સરદાર પટેલ રમત સંકુલ ખાતે જિલ્લા કક્ષાની તારીખ ૨૯ જાન્યુઆરીથી પાંચમી ફેબ્રુઆરી  સુધી કરાટે અને ટેકવોન્ડો સ્પર્ધાનું આયોજન કરાયું છે. જેમાં ભાવનગર ગ્રામ્યમાંથી ઉપરોક્ત રમતમાં મોટી સંખ્યામાં ખેલાડીઓ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાવનગરના નેશનલ ગેમ કલરીપટ્ટુ રમતના કાંસ્ય ચંદ્રક વિજેતા સુનિલ ખાવડુનું સન્માન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . .

# DAMAN SPORTS COMPETITION

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં નેહરુ યુવા કેન્દ્ર દ્વારા મોટી દમણના ફૂટબોલ મેદાનમાં તાલુકા સ્તરીય રમતગમત સ્પર્ધાનું આયોજન કરાયું. આ અંગે નહેરુ યુવા કેન્દ્ર જિલ્લા યુવા અધિકારી અનુપમ કૈથવાસે જણાવ્યું કે 130થી વધુ યુવાનોએ ખો-ખો, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, એથ્લેટિક્સ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો. સ્પર્ધા બાદ બધા વિજેતાઓને મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . .

# NARMADA JAYNATI UJAVANI

નર્મદા જયંતી નિમિત્તે નર્મદાના માંગરોળ ગામે નર્મદા તટે સમસ્ત ગ્રામજનો અને ભક્તો દ્વારા એક હજાર 500 ફૂટ ચૂંદડી નર્મદા મૈયાને અર્પણ કરાશે. નર્મદામાં મોટી હોડીઓને શણગારવામાં આવશે. જેમાં એક મોટી નાવડી અને 10 હોડીઓનો કાફલો સાડીને સામે કિનારે લઈ જવામાં જોડાશે.

આ પવિત્ર દિન નિમિત્તે નર્મદા પૂજન, કન્યા પૂજન, સાડી પૂજન બાદ આરતી પૂજન પણ થશે. સાથે દીવડા પ્રગટાવી નર્મદામાં મૂકવામાં આવશે.